Divya Bhasker News paper / Date: 20-01-2008

SUNDAY
સિટી ભાસ્કર
fun with family
દિવ્ય ભાસ્કર। અમદાવાદ। રવિવાર, ૨૦ જાન્યુઆરી, ૨૦૦૮

તાક ધીના ધીન... ધુમ્મન ભાસ્કર પેજ.3
તનુશ્રીએ ગોવિંદાવાળી કરી : છંછેડનારને તમાચો ચોડી દીધો પેજ.4






# 'તારે ઝમી પર'નું એનિમેશન NIDના ગુજરાતી વિદ્યાર્થીએ કર્યું છે

**પૂર્વી અપૂર્વ શાહ** । અમદાવાદ

કદાચ આ 'કલે' એનિમેશન ફિલ્મમાં ન હોત તો 'તારે ઝમી પર'માં પ્રદર્શિત થયેલ બાળકની કલ્પનાદષ્ટિ આટલી સરસ રીતે પ્રસ્તુત ન થાત.

પહેલી જ વાર બોલિવૂડની લાઈવ એકશન ફીચર ફિલ્મમાં 'કલે' એનિમેશન વાપરવામાં આવ્યું છે અને આ સ્માર્ટ ક્રાફ્ટ કરવાવાળો એક આપણો જ ગુજરાતી અમદાવાદ NIDનો વિદ્યાર્થી છે.

પહેલાં તો આમીર ખાને આ પિક્ચરનું એનિમેશન એક એનિમેશન સંસ્થાને આપેલું પણ તે કામમાં તેણે સંતોષ ના અનુભવ્યો, આમીર ખાનના ક્રિએટિવ માઈન્ડને કંઈક 'આઉટ ઓફ ધ બોક્સ' જોઈતું હતું, એવું એનિમેશન કે જેમાં 'હ્યુમન ટચ' હોય ત્યારે આમીરખાનનો સંપર્ક થયો સ્ટોપ મોશન એનિમેટર ધીમંત વ્યાસ સાથે. ધીમંત વ્યાસે પહેલા ફિલ્મ લગાનની એનીવર્સરી એડિશનની ડીવીડી બોક્સનું એનિમેશન કરેલું, ત્યારથી આમીરખાનને તેનું કામ ગમી ગયેલું. 'તારે ઝમીં પર' માટે આમીરખાનને કલાસિકલ એનિમેશનની ઈચ્છા હતી કે જેમાં પેઈન્ટિંગ રૂપમાં પિક્ચરાઈઝેશન થાય. તેને ધિમન્તને પહેલા આખું પિક્ચર બતાવ્યું અને બાદમાં બંને જણાએ તેમાં જરૂરી એનિમેશન પર ડિસ્કશન કર્યું. આ એક ડ્રીમ સિકવન્સ હતી, જેમાં ઈશાન ફેન્ટસી વર્લ્ડમાં ખોવાઈ જાય છે, આ કલ્પનાચિત્રમાં કુદરત જેમ કે ફૂલ, બાગ, બગીચો, પક્ષી અને માછલીઓ દર્શાવવાની હતી.

ધીમંતે તેના માટે કમ્પ્યૂટર એનિમેશન કરતા 'કલે એનિમેશન'નો આઈડિયા જણાવ્યો, 'કલે'માં એક ઓર્ગેનિક નેચરલ ફીલ છે જેમાં હ્યુમન ટચ વધું હોય છ, જે લોકોના દિલને જરૂર સ્પર્શી શકે. પ્લાસ્ટિસાઈન કલેના ટેક્નિક વડે તૈયાર કરેલ સેમ્પલ આમીરખાનને ગમતાં જ તેને ધીમંતને આ પ્રોજેક્ટ માટે આગળ વધવાનું જણાવ્યું હતું. ધીમંત વ્યાસે એક મહિનાની ડેડલાઈનમાં કન્સેપ્ટ, મોડલિંગ, એક્ઝીક્યુશનથી કમ્પોઝીંગ સુધીનું કામ તૈયાર કરી લીધું.


'તારે ઝમીં પર' ફિલ્મ માટે 'ક્લે એનિમેશન' તૈયાર કરનાર ધીમંત વ્યાસ આમિર ખાન સાથે.



તેને સ્ટોરીબોર્ડ પર આધારીત 'એમ્બોસ્ડ ક્લે ઈલસ્ટ્રેશન' ઊભા કર્યા, લાઈટ અને શેડોથી તેમાં ઈલ્યુશન પેદા કર્યા, આ મોડલ કેમેરા નીચે થ્રી ડાયમન્શન લાગે છે. વેબ કેમેરા દ્વારા દરેક ફ્રેમનું એનિમેશન ચેક કર્યું અને કેનન ડિજિટલ લ્ય્ વડે ફાઈનલ 'સ્ટીલ્સ' તૈયાર કર્યા. દરેક એલિમેન્ટની જુદી ગતિ એ જુદી સ્ટાઈલ હોવાથી દરેકનું સાથે કો-ઓર્ડિનેશન જેમાં એક શોટમાં ૨૦થી ૨૫ આઈટમ સાથે મોસનમાં રહે તેવું પ્રેઝન્ટેશન કર્યું.

'તારે ઝમી પર'નું ટાઈટલ જેમ ઈંગ્લિશમાંથી હિન્દી અને પછી ઉર્દૂમાં શબ્દો ચેન્જ થાય છે અને જ્યાં ઓક્ટોપશ, ફિશ અને પેરેટને કલર ઈફેક્ટ સાથે એનિમેટ કર્યું છે તે સિરીઝ પણ ધિમન્તે જ તૈયાર કરી હતી.

ધીમંત વ્યાસ હાલમાં મુંબઈ સ્થિત છે પણ તેનું કુટુંબ અમદાવાદ વેજલપુરમાં રહે છે, ધિમન્તે વલ્લભવિદ્યાનગરમાં ફાઈન આર્ટ કર્યું પણ તેની અંદર રહેલ સર્જનાત્મક શક્તિ તો ત્યારે બહાર આવી જ્યારે તેને અમદાવાદ NIDમાં એનિમેશનની ટ્રેનિંગ લીધી. NIDમાં ૧.૯ થી આવેલ પ્રોફેસર જોન એશવર્ધની સ્ટોપ મોશન વર્કશોપે તેને એ ફિલ્ડમાં આગળ વધવા ઉત્સાહ જગાવ્યો. NIDની ટ્રેઈનિંગ બાદ તો જાણે એવી સ્થિતી થઈ કે ઝમીન પર તારલા આવી ગયા હોય તેમ તેને અનેક સિદ્ધિ મેળવીને દરેક જગ્યાએ ચમકવા લાગ્યો. તેને ક્રિએટીવ ફમ્ફર્ટ શલ્ભ્ની ટીવી સિરીઝ માટે એનિમેશન કર્યું. ૧.ધ્ની એવોર્ડ વીનિંગ આર્દમન સ્ટુડિયો માટે પણ કામ કર્યું. બીબીસીના સ્ટોપ મોશન એનિમેશન સીરીઝ 'Only Air'માં પણ સફળતાપૂર્વક ભાગરૂપ બન્યા. તેને કરેલું ''Cute Bunny'' ફિલ્મના એનિમેશન માટે બેસ્ટ એનિમેટેડ ફિલ્મનો એવોર્ડ પણ એનાયત થયો હતો.

તેને ઈન્ટરનેશનલ ફોટોગ્રાફી સેલુન ઓફ જાપાનમાં ગોલ્ડમેડલ પણ મળ્યો હતો. ટીવી પરની જાહેરાત જેમ કે અમૂલ ચોકોઝુ, ફેબર કેસલ, કોક નાનો ભાભીમાં પણ એનિમેશન